**Extra No. 76**

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

**PUBLISHED BY AUTHORITY**

**Vol. LXVII ] FRIDAY, MARCH 13, 2026 / PHALGUNA 22, 1947**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

## PART IX

**Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.**

**સભ્યશ્રી ઈમરાન ખેડાવાલાએ, તા. ૧૩મી માર્ચ, ૨૦૨૬ના રોજ દાખલ કરેલું નીચેનું વિધેયક ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૨૭-અ, અન્વયે સામાન્ય માહિતી અર્થે પ્રસિદ્ધ કરવામાં આવે છે.**

**THE GUJARAT WELFARE AND PROTECTION OF MINORITIES BILL, 2024.**

**GUJARAT BILL NO. 15 OF 2026.**

***A BILL***

*to provide for the welfare and protection of life and properties of minority communities in the State of Gujarat and for matters conhected therewith.*

**ગુજરાત લઘુમતી કલ્યાણ અને સંરક્ષણ વિધેયક, ૨૦૨૪.**

**સન ૨૦૨૬નું ગુજરાત વિધેયક ક્રમાંક: ૧૫.**

ગુજરાત રાજ્યમાં લઘુમતી કોમોના કલ્યાણ માટે અને તેમના જાનમાલના રક્ષણ માટે અને તેની સાથે સંકળાયેલી બાબતો માટે જોગવાઈ કરવા બાબત વિધેયક.

આથી, ભારતના ગણરાજ્યના સિત્તોતેરમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે:-

**૧.** (૧) આ અધિનિયમ 'ગુજરાત લઘુમતી કલ્યાણ અને સંરક્ષણ અધિનિયમ, ૨૦૨૬' કહેવાશે. **ટૂંકી સંજ્ઞા, વ્યાપ્તિ અને આરંભ.**

(૨) તે સમગ્ર ગુજરાત રાજ્યને લાગુ પડે છે.

(૩) તે તરત જ અમલમાં આવશે.

વ્યાખ્યા **૨.** આ અધિનિયમમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય તો,

(ક) "કુટુંબનો સભ્ય" એટલે, અને તેમાં પતિ, પત્ની, પુત્ર, પુત્રી, માતા, પિતા, ભાઈ, બહેન અથવા એવી મરહૂમ વ્યક્તિ સાથે રહેતી હતી તેવી બીજી કોઈ વ્યક્તિનો સમાવેશ થાય છે;

(ખ) "લઘુમતી કોમ" એટલે હિન્દુ સિવાયની, ધર્મ આધારિત કોમની વ્યક્તિઓનો સમૂહ.

લઘુમતીઓનું રક્ષણ કરવા માટે ખાસ કાળજી. **૩.** રાજ્ય સરકાર, લઘુમતી કોમોના જાનમાલનું, તેમના પર થતા કોઈ હુમલા અથવા હલ્લામાંથી રક્ષણ કરવા માટે ખાસ કાળજી લેશે અને આ હેતુ માટે, રાજ્ય સરકાર ખાસ પોલીસ ટુકડીઓની વ્યવસ્થા કરી શકશે.

કોમી તોફાનો માટેની જવાબદારી. **૪.** (૧) પોતાના જિલ્લામાં કોમી એખલાસ જાળવવાની અને કોમી વાતાવરણ ઉપર સંભાળપૂર્વક દેખરેખ અને તકેદારી રાખવાની જિલ્લા મેજિસ્ટ્રેટની અને પોલીસ કમિશનર અથવા જિલ્લા પોલીસ અધીક્ષકની સર્વોપરી ફરજ રહેશે.

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટ અને પોલીસ કમિશનર અથવા જિલ્લા પોલીસ અધીક્ષક, પોતાના જિલ્લામાંના કોઈ કોમી તોફાન માટે જવાબદાર રહેશે અને તેણે તકેદારી રાખી છે કે કેમ એ વિષેની તપાસ ચાલુ હોય તે દરમિયાન, સંક્ષિપ્ત રીતે કરજમોકૂફીને તે પાત્ર થશે.

ગુના અને તે માટે શિક્ષાઓ. **૫.** (૧) લઘુમતી કોમના જાનમાલ ઉપરનો કોઈ હુમલો અથવા હલ્લો, આ અધિનિયમ હેઠળ પોલીસ અધિકારનો ગુનો ગણાશે અને પ્રથમ વર્ગના જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ કરતાં ઊતરતા દરજ્જાના ન હોય તેવા મેજિસ્ટ્રેટની કોર્ટમાં તેની ઇન્સાફી કાર્યવાહી કરવામાં આવશે અને તેમાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સંડોવાયેલ કોઈ વ્યક્તિને, દોષિત કર્યો, સાત વર્ષ કરતાં ઓછી ન હોય તેટલી મુદત સુધીની કેદની શિક્ષા કરવામાં આવશે..

(૨) લઘુમતી કોમની કોઈ વ્યક્તિ અથવા સંસ્થા, આ અધિનિયમ હેઠળના કોઈ ગુના માટે ફરિયાદ માંડી શકશે.

વળતર **૬.** રાજ્ય સરકારે, કોમી તોફાનો અથવા હિંસા દરમિયાન જેણે જીવ ગુમાવેલ હોય તો, તે દરેકને રૂ. ૫ લાખ, શારીરિક ઈજા થઇ હોય તો, તે દરેકને રૂ. ૫૦,૦૦૦/-અને જેણે મિલકત ગુમાવેલ હોય અથવા મિલકતને નુકસાન થયું હોય, તો ગુમાવેલ અથવા નુકસાન પામેલ મિલકતની ખરેખર બજાર કિંમત રોકડમાં અને આવા બનાવના ત્રણ મહિનાની અંદર વળતર તરીકે ચૂકવવું જોઇશે.

અલગ વિભાગ. **૭.** લઘુમતી કોમોના શૈક્ષણિક, સાંસ્કૃતિક, સામાજિક, આર્થિક અને સર્વાંગી વિકાસ અને કલ્યાણ યોજના પ્રત્યે ધ્યાન આપવા અને લઘુમતી કોમોની ઉર્દુ અને અન્ય ભાષાઓને ઉત્તેજન આપવા અને તેનો વિકાસ કરવા માટેની પદ્ધતિઓ અને સાધનોની સંભાળ અને અમલ કરવા માટે ગાંધીનગર ખાતે સચિવાલય સ્તરે અલગ અને પૂર્ણ-વિકસિત વિભાગ સ્થાપવો જોઈશે.

નિયમો કરવાની સત્તા. **૮.** (૧) રાજ્ય સરકાર, આ અધિનિયમના હેતુઓ સિદ્ધ કરવા માટે નિયમો કરી શકશે.

(૨) આ અધિનિયમ હેઠળ કરેલા તમામ નિયમો, રાજપત્રમાં પ્રસિદ્ધ કરવામાં આવશે અને તે નિયમો અમુક દિવસે અમલમાં આવવાનું દર્શાવવામાં ન આવે તો, તે આ રીતે પ્રસિદ્ધ કરવામાં આવ્યા હોય તે દિવસે અમલમાં આવશે.

(૩) આ અધિનિયમ હેઠળ કરેલા તમામ નિયમો તે કરવામાં આવે તે પછી, બનતી ત્વરાએ, રાજ્ય વિધાનમંડળ સમક્ષ ઓછામાં ઓછા ત્રીસ દિવસ સુધી મૂકવા જોઈશે અને જે સત્રમાં તે નિયમો તે રીતે મૂકવામાં આવ્યા હોય તે સત્ર દરમિયાન અથવા ત્યાર પછીના તરતના સત્ર દરમિયાન વિધાનમંડળ તેમાંથી જે કંઈ રદ કરે અથવા તેમાં જે કંઇ ફેરફાર કરે તેને તે અધીન રહેશે.

(૪) રાજ્ય વિધાનમંડળ, તેવી રીતે જે કંઇ રદ કરે અથવા ફેરફાર કરે, તે રાજપત્રમાં પ્રસિદ્ધ કરવામાં આવશે અને તેમ થયે તેનો અમલ થશે.

## ઉદ્દેશો અને કારણો

લઘુમતી સમુદાયોની વ્યક્તિઓના જીવન અને મિલકતોનું સાવચેતીપૂર્વકનું રક્ષણ થાય તે જરૂરી છે. ભારત એક બિન-સાંપ્રદાયિક દેશ છે અને તેથી તમામ સમુદાયો સમાન છે. સામાન્ય રીતે કોમી તોફાનો અને હુલ્લડોમાં લઘુમતી કોમોએ સહન કરવું પડતું હોય છે. મોટા ભાગના કિસ્સાઓમાં જિલ્લા સત્તામંડળો પ્રવર્તમાન કોમી તંગદીલીથી વાકેફ હોય છે. જો કે, તેઓ ત્વરિત નિવારક પગલાં લેતા નથી જેના પરિણામે આ લઘુમતી સમુદાયના લોકોને જીવન અને મિલકતોનું ભારે નુકસાન વેઠવું પડે છે. તેથી, જિલ્લામાં કાયદા અને વ્યવસ્થાની સ્થિતિની જાળવણી માટે જવાબદાર જિલ્લા મેજિસ્ટ્રેટ અને પોલીસ કમિશ્નર અથવા જિલ્લા પોલીસ અધીક્ષક વિરૂધ્ધ સંક્ષિપ્ત કાર્યવાહી કરવા ધાર્યું છે.

બિન સાંપ્રદાયિક રાજ્યની સરકારે, આઝાદીના સમયથી જ આર્થિક, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત જીવન જીવતા લઘુમતી સમુદાયોના વિકાસ અને કલ્યાણની પ્રવૃત્તિઓ પર પણ ધ્યાન આપવું જોઇએ.

કોમી તોફાનો અથવા હિંસા દરમિયાન, લઘુમતી સમુદાયના ઘણાં લોકો શારીરિક ઇજા અથવા મિલકતની ક્ષતિ કે નુકસાનનો ભોગ બને છે અને ત્યારપછી, તેમને દયાજનક જીવન જીવવું પડતું હોય છે. તેથી, કોમી તોફાનો, લઘુમતી વિરોધી હિંસા અથવા પોલીસ ગોળીબારમાં જીવન ગુમાવનાર અથવા શારીરિક ઇજા કે મિલકતની ક્ષતિ કે નુકસાનનો ભોગ બનનાર લઘુમતી સમુદાયોના વ્યક્તિને ઘટના ઘટ્યાના ત્રણ મહિનાની અંદર તાત્કાલિક ધોરણે રોકડમાં વળતર ચૂકવવાની જોગવાઈ કરવા ધાર્યું છે. આ જોગવાઈથી અસરગ્રસ્ત વ્યક્તિઓને કેટલીક વળતર અને રાહત પૂરી પાડવામાં મદદ મળી રહેશે અને રાજ્યમાં કોમી તોફાનો અને હિંસા પાછળના તત્વોની પણ હિંમત તૂટશે. સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના સરકારી વિભાગમાં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિઓની હરોળમાં રાજ્યમાં લઘુમતિ સમુદાયની કલ્યાણ પ્રવૃત્તિઓ માટે સચિવાલય સ્તરે એક અલગ વિભાગ સ્થાપવાનું પણ ધાર્યું છે. ભારતમાં ઉત્તરપ્રદેશ, પશ્ચિમ બંગાળ તથા કેટલાક અન્ય રાજ્યોમાં પણ આવા વિભાગો સ્થાપવામાં આવ્યા છે.

ગુજરાતના સર્વાંગી વિકાસ માટે અને ગુજરાતના લોકોના ઉત્થાન અને કલ્યાણ માટે, રાષ્ટ્રપિતા, મહાન સંત અને અંહિસાના પ્રણેતા મહાત્મા ગાંધીના રાજ્યમાં કાયદો-વ્યવસ્થા અને શાંતિ જાળવવી અનિવાર્ય છે.

તેથી, આ વિધેયક.

**તારીખ: ૧૦મી જાન્યુઆરી, ૨૦૨૪** **ઈમરાન ખેડાવાલા,**
**ગાંધીનગર.** **વિ.સ.સ.**

## ધારાકીય સત્તા સોંપવાની યાદી

વિધેયકની કલમ ૮થી, રાજ્ય સરકારને અધિનિયમના હેતુઓ સિદ્ધ કરવા માટે નિયમો કરવાની સત્તા મળે છે.

ઉપર્યુક્ત ધારાકીય સત્તાની સોંપણી આવશ્યક અને સામાન્ય પ્રકારની છે.

**તારીખ: ૧૦મી જાન્યુઆરી, ૨૦૨૪** **ઈમરાન ખેડાવાલા,**
**ગાંધીનગર.** **વિ.સ.સ.**

## નાણાકીય યાદી

વિધેયકની જોગવાઇઓના અમલ માટે અને તેના કાર્યક્ષમ અમલ-વહીવટ માટે રાજ્યના એકત્રિત ફંડમાંથી આશરે રૂ. ૧.૫૦ લાખના આવર્તક ખર્ચ માટે નાણાકીય જોગવાઇ કરવી પડશે એવો અંદાજ છે.

**તારીખ: ૧૦મી જાન્યુઆરી, ૨૦૨૪** **ઈમરાન ખેડાવાલા,**
**ગાંધીનગર.** **વિ.સ.સ.**

**તારીખ: ૧૩મી માર્ચ, ૨૦૨૬** **ચેતન પંડ્યા,**
**ગાંધીનગર.** **સચિવ,**
**ગુજરાત વિધાનસભા.**

----------

Government Central Press, Gandhinagar.

Signature Not Verified
Signed by : BHOLUSINGH G THAKUR
Senior Manager
Government Central Press,
Gandhinagar
Date : 2026.03.14 08:38:05 IST